Accredited Grade "A" by NAAC
(3rd Cycle)

# SAURASHTRA UNIVERSITY

## P.G.T.R. Section

**University Campus, University Road, Rajkot – 360005**
**Phone No.: (0281) 2578501 Ext. No. 222 / FAX No.: (0281) 2576347**
**E-mail Id: pgtr@sauuni.ac.in**

પરિપત્ર :-

આથી સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સ્થિત ભવનોના અધ્યક્ષશ્રીઓ, માન્ય સંસ્થામાં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમોના પી.જી.રજીસ્ટ્રેશન કરવાના થાય છે. તે અનુસ્નાતક અભ્સ્યાસક્રમમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓના ડેટા ઓનલાઈન એન્ટ્રી જેતે કોલેજો/ભવનો દ્વારા થતી હોય છે. જેમાં નીચે મુજબ ની તારીખો નો અમલ કરવાનો રહે.

| ક્રમ | કોર્ષ | ઓનલાઈન રજીસ્ટ્રેશન તારીખ | લેઈટ ફી સાથે ઓનલાઈન રજીસ્ટ્રેશન તારીખ | લેઈટ ફી સાથે દંડાત્મક ફી સાથે ઓનલાઈન રજીસ્ટ્રેશન તારીખ |
|---|---|---|---|---|
| 1 | M.A, M.COM., M.Sc(Science) M.Sc.(IT&CA),LL.M(Human right),M.LIB., MSW., M.Ed., M.B.A.,L.L.M(LAW) M.Pharm., M.J.M.C., M.PED., M.R.S., M.Sc ( Home science) M.P.A., M.C.A | તા.૨૬/૧૧/૨૦૨૦ થી તા.૧૫/૧૨/૨૦૨૦ રૂ.૧૫૦/- | તા.૧૬/૧૨/૨૦૨૦ થી તા.૨૧/૧૨/૨૦૨૦ રૂ.૧૫૦+૧૦૦=૨૫૦/- | તા. ૨૨/ ૧૨/૨૦૨૦ થી તા.૨૬/૧૨/૨૦૨૦ રૂ.૧૫૦+૧૦૦+૬૦૦=૮૫૦/ |
| 2 | તબીબી અનુસ્નાતક M.D, M.S., Diploma M.P.T., M.D.S. | તબીબી વિદ્યાર્થીઓ રૂ.૫૦૦/- | તબીબી વિદ્યાર્થીઓ રૂ.૫૦૦+૧૦૦=૬૦૦ | તબીબી વિદ્યાર્થીઓ રૂ.૫૦૦+૧૦૦+૬૦૦ =રૂ.૧૨૦૦ |

ઉપરોક્ત નિયત સમયબાદ નોંધણી ફોર્મ કોઈ પણ સંજોગોમાં સ્વીકારમાં આવશે નહિ. ઉપરોક્ત તારીખમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન પ્રક્રિયા પૂર્ણ કરી પી.જી.ટી.આર.વિભાગમાં આવશ્યક જરૂરી તમામ સ્વપ્રમાણિત નકલો બીડન કરી ફોર્મ આવશ્યક જમા કરવાના રહેશે.

**નોંધણી ફોર્મ મોકલતી વખતે નીચે દર્શાવ્યા મુજબના સુચનો ધ્યાનમાં લેવાના રહેશે.**

(૧) ઓર્ડીનન્સ ૮૮(૩)(સી) અનુસાર જે વિદ્યાર્થીઓએ આ યુનિવર્સિટી સિવાયની (Other University)ની પરીક્ષા પાસ કરી અનુસ્નાતક અભ્યાસક્રમોમાં નિયમિત વિદ્યાર્થી તરીકે જોડાવું હશે તેવા વિદ્યાર્થીઓએ પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવવાનું રહેશે, તેમજ ઓર્ડીનન્સ-૯૦ અન્વયે અન્ય યુનિવર્સિટીમાંથી આવતા વિદ્યાર્થીઓએ જે-તે અભ્યાસક્રમોમાં પ્રવેશ યોગ્યતા ધરાવતા હોય અને તે અંગેની આ યુનિવર્સિટીનું કામચલાઉ પ્રવેશ યોપ્યતા પ્રમાણપત્ર મેળવેલ હોય તો જ પ્રવેશ કાર્યવાહી કરવાની રહેશે. પ્રવેશ સંબંધી જે-તે અભ્યાસક્રમની જરૂરિયાત સંદર્ભે ચકાસણી કાર્ય બાદ જ આચાર્યશ્રીએ/અધ્યક્ષશ્રીએ/ સંસ્થાના વડાએ પ્રવેશ આપવાનો રહેશે.

(૨) જે અભ્યાસક્રમો મધ્યસ્થ પ્રવેશ સમિતિ દ્વારા પ્રવેશ આપવામાં આવેલ છે, તેવા અભ્યાસક્રમો ધરાવતી સંસ્થાએ મધ્યસ્થ પ્રવેશ સમિતિ માન્ય પ્રવેશયાદી રજુ કરવાની રહેશે. તે સિવાયના ફોર્મ સ્વીકારી શકાસે નહિ. જે વિદ્યાર્થીઓનું મધ્યસ્થ પ્રવેશ સમિતિ માન્ય પ્રવેશ યાદીમાં નામ દર્શાવવામાં આવેલ છે, તેવા વિદ્યાર્થીઓના નામો રજીસ્ટ્રેશન ફોર્મમાં તથા ઓનલાઈન એન્ટ્રીમાં દર્શાવવાના રહેશે. ઉક્ત કોલમમાં દર્શાવેલ બાબતો સિવાય કોઈ અલગ નામ દર્શાવેલ હશે અને પાછળથી ચેક કરતા માલૂમ પડશે તો આવા વિદ્યાર્થીઓનું રજીસ્ટ્રેશન રદ્ કરવામાં આવશે. તેથી સંપૂર્ણ જવાબદારી જે-તે ભવનના અધ્યાક્ષોની/અનુસ્નાતક કેન્દ્રના પ્રોફેસર ઈનચાર્જશ્રીઓની તથા સેલ્ફ-ફાયનાન્સ અભ્યાસક્રમો ચલાવતી સંસ્થાઓના વડાઓની રહેશે.

(૩) ST, SC, OBC, EBC વગેરેની અનામત જગ્યાઓ નિયમ મુજબ નક્કી કરેલ ટકાવારી પ્રમાણે ભરવાની રહેશે. આવા વિદ્યાર્થીઓના નોંધણી ફોર્મ સાથે સક્ષમ અધિકારીશ્રીના પ્રમાણપત્ર સ્વપ્રમાણીત ઝેરોક્ષ નકલ હોવી જરૂરી છે. અન્યથા પ્રવેશ રદ્ ગણાશે. અનામતની જોગવાઈઓ સંદર્ભમાં કેન્દ્રસરકારશ્રી/રાજ્યસરકારશ્રીના વખતોવખત અમલમાં રહેલ નિયમોનો ચુસ્તતાથી અમલ કરવાનો રહેશે.

(૪) યુનિવર્સિટી કાર્યાલયના પરિપત્ર નં.એકા/ફા.સ/૩૭/૨૦૦૦, તા.૧૯/૦૫/૨૦૦૦ મુજબ યુનિવર્સિટી વિકાસફંડ ફક્ત પ્રવેશ વખતે વિદ્યાર્થીદીઠ રૂ.૧૦૦/- તેમજ સ્પોર્ટ કોમ્પ્લેક્ષ ફી વિદ્યાર્થીદીઠ રૂ.૧૦/- અનુક્રમે હિસાબ વિભાગ તેમજ શારીરિક-શિક્ષણ વિભાગમાં જમા

કરવાના રહેશે.

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા અનુસ્નાતક અભ્યાસક્રમ (સે.ફા.) સંસ્થાઓને વિષયદીઠ માન્યતા ફી પેટે રૂ.૪૦,૦૦૦/- (ચાલીસ હજાર) પુરાનો ડીમાંડ ડ્રાફ્ટ રજીસ્ટ્રાર, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી, રાજકોટના નામનો નોંધણી ફોર્મ સાથે જોડવાનો રહેશે. વધુ શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦ માં વધારાની માન્યતા ફી ભરેલ હોય તેવી પહોંચની ઝેરોક્ષ સાથે જોડવાની રહેશે. જે અનુસ્નાતક સંસ્થાઓની વધારાની માન્યતા ફી (શૈક્ષણિક વર્ષ ૨૦૧૯-૨૦) ભરેલ ન હોય તે સંસ્થાઓના પીજી રજીસ્ટ્રેશન ફોર્મ સદરહુ ફી ભર્યા બાદ જ સ્વીકારવામાં આવશે.

(૬) શૈક્ષણિક વર્ષ જૂન ૨૦૨૦-૨૧થી જે-તે ફેકલ્ટીના અભ્યાસક્રમના સેમેસ્ટરમાં દાખલ થતા વિદ્યાર્થીઓને પીજી રજીસ્ટ્રેશન માટેની એન્ટ્રી સોફ્ટવેરમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહે છે. તેથી દરેક ભવન/માન્ય સંસ્થાએ ઈન્ટરનેટ મારફત પ્રોગ્રામમાં સંબંધિત એન્ટ્રી કરવાની રહેશે. સંદર્ભિત બાબતે ફોર્મની નીચે દર્શાવેલ સુચનાઓની ખાસ કાળજી લેવી

**:: પીજી રજીસ્ટ્રેશન પત્રોની ખાસ સુચના ::**

૧ INTAKE કેપેસીટી હોય તેટલા જ રજીસ્ટ્રેશન ફોર્મ એન્ટ્રી (SAVE) કરવી તેની જવાબદારી જે-તે કોલેજના આચાર્યશ્રીની/સંસ્થાના વડાની/ભવનના અધ્યક્ષશ્રીઓની રહેશે.

૨ રજીસ્ટ્રેશન ફોર્મમાં નામની એન્ટ્રી કરતી વખતે સ્નાતક/અનુસ્નાતકની માર્કશીટ મુજબ ભુલ રહિત એન્ટ્રી કરવાની રહેશે.

૩ કોલેજે/ભવને વિદ્યાર્થીઓના નામવાળું રજીસ્ટ્રેશન નંબરનું લીસ્ટ નોટીસ બોર્ડમાં ખાસ મુકવાનું રહેશે.

૪ સંબંધિત વિદ્યાર્થીનો સુવ્યસ્થિત 100KBથી ઓછી સાઈઝનો, કલર ફોટો અપલોડ કરવાનો રહેશે અને તેજ ફોટો માર્કશીટમાં આવશે તેની ખાસ નોંધ લેવી.

૫ અન્ય યુનિવર્સિટીના વિદ્યાર્થીઓનું પ્રોવિઝનલ એલીજીબીલીટી સર્ટીફીકેટ મેળવીને જ ઓનલાઈન રજીસ્ટ્રેશન એન્ટ્રી કરવાની રહેશે.

૬ કોલેજ/ભવન દ્વારા ઇન્ટેક મર્યાદામાં ઓનલાઈન એન્ટ્રી કરેલ હોય તેને સર્ટીફાઈડ કરીને હાર્ડકોપીમાં પણ અત્રેના વિભાગમાં જમા કરવાની રહેશે.

૭ વિદ્યાર્થીઓએ ફોર્મમાં જે વિગતો આપેલ છે, તે મુજબ ચકાસીને પ્રોગ્રામમાં ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.

૮ એન્ટ્રી પૂરી કર્યા બાદ કોલેજ/ભવન/ સંસ્થાએ ચેક લીસ્ટ ની પ્રિન્ટ કાઢી તે ચેક લીસ્ટ નું ક્પેરીંગ કરી લેવાનું રહેશે. જો કોઈ ભૂલ હોય તો તરત સુધારી લેવી ત્યાર બાદ વિધાર્થી ના ધ્યાને નોટીશ બોર્ડ પર મુકવાની રહશે.

૯ એન્ટ્રી કર્યા બાદ જરૂરી સુધારો સમય મર્યાદા માં કરવાનો રહેશે. છેલી તારીખ બાદ સુધારો શક્ય થશે નહિ. ત્યાર બાદ નામ ના સ્પેલિંગ માં ભૂલ સુધારા માટે આવશે તો નિયત ફી ભર્યા બાદ સુધારો કરવામાં આવશે.

૧૦ રજીસ્ટ્રેશન સ્લીપ (ફી વિગત માટે નું પત્રક) કોલેજ/સંસ્થા/ભવનના ફોર્મ સાથે સામેલ હશે તેના જ ફોર્મ જમા લેવાશે. અને તેના રજીસ્ટ્રેશન નં જનરેટ થશે.

૧૧ તમામ વિદ્યાશાખાના અનુસ્નાતક અભ્યાસક્રમોની જી.આઈ.પી.એલ.ના સોફ્ટવેરમાં નિયત સમયમાં www.saurashtrauniversity.co.in માં એન્ટ્રી કરવાની રહેશે.

૧૨ પી.જી.રજીસ્ટ્રેશન ફોર્મ ( તમામ વિદ્યાશાખા) www.saurashtrauniversity.edu પર ડાઉનલોડ થઇ શકશે.

કુલસચિવશ્રી

નં.પીજીટીઆર/૭/૩૯૪ /૨૦૨૦
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી,
સૌરાષ્ટ્ર યુનિવર્સિટી કેમ્પસ,
રાજકોટ
તા.૨૪ /૧૧ /૨૦૨૦

પ્રતિ,
(૧) અનુસ્નાતક ભવનના અદયક્ષશ્રીઓ તરફ
(૨) માન્ય અનુસ્નાતક સંસ્થાઓના વડાઓ તરફ

નકલ રવાના:-
(૧) માન.કુલપતિશ્રી/માન.ઉપકુલપતિશ્રી/માન.કુલપતિશ્રીનાં અંગત સચિવશ્રી